**ફોજદારી કેસ નંબર**–..413/21

## <u>આંક–૧ અન્વયે હુકમઃ–</u>

(૧) સદર કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સીની કલમ–૧૮૮ તથા એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) સી.આર.પી.સી. કલમ–૧૯૫ મુજબ આઈ.પી.સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી)ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.</u>** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.
– એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ મુજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે તે જ રીત....

(૩) <u>નામદાર સુપ્રિમકોર્ટે</u>,....(૧)એમ.એસ.અહલ્લાવત વિરૂધ્ધ હરિયાણા એ.આઈ.આર.૨૦૦૦ (સુ.કો.)પેજ નં. ૧૬૮,(૨) દોલતરામ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨(સુ.કો.)પેજ નં.૧૨૦૬,(૩) મુનીઅપ્ન અને બીજા વિરૂધ્ધ તામિલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટે...</u> (૧)બેચરવાલા વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસેલેનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧,(૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસેલેનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫,(૩)અરૂપધતી ભટાચાર્ય વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસેલેનીયસ અપીલ નં. ૧૭૨૮૬/૨૦૧૭, (૪)ગોવરર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮ (૧) જી.એલ.એચ. પેજ નં. ૬૩ ના કેસ લોમા એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, *The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of if would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without juridiction.*

(૪) નામદાર સુપ્રિમ કોર્ટ પંકજ અગ્રવાલ વિરૂધ્ધ દિલ્લી રાજય ૨૦૦૧ (૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ)પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોટે કાંધલ સરમણ જાડેજા વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯ (૨)જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ ના ચૂકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય

તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે. અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫નો બાધ નડતો નથી પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ની છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશ્નરશ્રીના જાહેરનામાના ભંગ થતાં ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુન્હા થયેલ છે તેવો પોલીસનો કેસ છે. કેસનો વિષય વસ્તુ ઘ્યાન સમક્ષ રાખતાં આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલાં છે, એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજીથી અલગ કરી શકાય તેમ નથી. આથી, નામદાર સુપ્રિમકોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત પેરામાં દર્શાવેલા ચૂકાદાઓમાં કરવામાં આવેલા અવલોકનો ઘ્યાને લેતાં હાલના કેસમાં સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ની કાયદાકીય ફરજિયાત જોગવાઈનો બાધ નડે છે. જેથી ઉપરોકત સમગ્ર ચર્ચા ઘ્યાને લેતાં હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે વિરૂઘ્ધ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા એપેડમીક ડિસીઝ એકટની કલમ–૦૩ મુજબના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મૂકવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશિયલ મેજીસ્ટ્રેટ સિટીંગમાં તા. ૧૦ મી, જુલાઈ સને **૨૦૨૧** ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

તા.10/7/21
સ્થળઃ–અમદાવાદ.

**( જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર )**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર– ૨૩ , અમદાવાદ.
**કોડ નંબરઃ– ૦૦૯૨૧**